ગુજરાતની નગરપાલિકાઓના સ્ટાફને તથા
પદાધિકારીઓને તાલીમ આપવા અંગેની
યોજનાના અમલ અંગે.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃતલમ/૧૧૨૦૦૦/૪૮૫૭/આર,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ :-૧૫/૪/૨૦૦૨

વંચાણે લીધા :-

- મ્યુનિ.નાણા બોર્ડના તારીખ ૧૮/૧૦/૨૦૦૦ ના પત્ર ક્રમાંકઃ૧૯૧૦૮

આમુખ :-

નગરપાલિકાઓમાં હાલમાં ફરજ બજાવતા કર્મચારીઓ, નવા નિમાયેલા કર્મચારીઓને તથા નગરપાલિકાના પદાધિકારીઓનેતાલીમ આપવા પાછળનો હેતુ નગરપાલિકા વિસ્તારોમાં ઝડપી અને કાર્યક્ષમ સેવાઓ પૂરી પાડી શકાય તે છે. સામાન્ય રીતે નગરપાલિકાઓ ધ્વારા જે કામગીરી કરવામાં આવે છે તેમાં હિસાબી સંવર્ગ, વહીવટી સંવર્ગ, ઈજનેરી સંવર્ગ, આરોગ્ય સંવર્ગ, તેમજ અગ્નિશમન સંવર્ગ અંગેની કામગીરીનો સમાવેશ થાય છે. નગરપાલિકાઓ સ્વાયત્ત સંસ્થાઓ હોવાથી ચૂટાયેલી પાંખ ધ્વારા ઉપર જણાવેલ સંવર્ગના કર્મચારીઓ પાસેથી કામ લઈને વહીવટ ચલાવવામાં આવે છે. ચૂટાયેલી પાંખમાં નગરપાલિકાના નાગરિકોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. આ લોકો નગરપાલિકાના વહીવટી નિયમો અને વિવિધ કાયદાઓની જોગવાઈઓથી પરિચિત હોતા નથી આથી તેમને પણ તાલીમ ધ્વારા જાણકારી મળી રહે તે આશયથી કર્મચારીઓની સાથોસાથ ચૂંટાયેલા પ્રતિનિધિઓને પણ તાલીમ આપવી જરૂરી છે. ઉપર્યુક્ત સંદર્ભે તાલીમ માટેના વિષયો તાલીમનો સમયગાળો તથા તાલીમને લગતી તમામ આનુષાંગિક બાબતો નક્કી કરવા માટે આ વિભાગે રચેલ સમિતિએ તેનો અહેવાલ સરકારશ્રીને રજુ કરેલ. સરકારશ્રીએ આ સમિતિનો અહેવાલ સ્વીકારીને નીચે મુજબ નિર્ણય કરેલ છે.

## પરિપત્ર

(૧) નગરપાલિકાઓ તેમની કામગીરીને વિપરિત અસર ન થાય તે રીતે સ્ટાફને વારાફરતી રીફ્રેશર પ્રકારની તાલીમ ફરજીયાતપણે આપવાની રહેશે.

(૨) નવા દાખલ થયેલ નિયમિત નોકરીમાં જોડાતાં પૂર્વે બે માસની પૂર્વ સેવા તાલીમ નગરપાલિકાએ ફરજીયાત રીતે આપવાની રહેશે, તાલીમના અંતે પરીક્ષા ફરજીયાત પણે પાસ

કરવાની રહેશે. આ પરીક્ષા ત્રણ પ્રયત્નોમાં પાસ કરવાની રહેશે પરીક્ષા પાસ નહિ કરનારને નોકરીમાંથી છૂટા કરવાના રહેશે.

(૩)નગરપાલિકાએ તેના હાલના ચાલુ સ્ટાફને નીચે મુજબ રિફ્રેસર તાલીમ આપવાની રહેશે.

| વિગત | રીફ્રેશર તાલીમ(કલાકમાં) |
|---|---|
| વિષય જૂથ માટેસબંધિત અભ્યાસ જુથે ફાળવેલ વિષયો સામેલ યાદી મુજબ. | ૧૫ |
| નગરપાલિકા સબંધિત કાર્યસિવાયના વિષયોની જાણકારી માટે અદ્યતન પ્રયત્નો | ૦૬ |
| કોમ્પ્યુટર<br>માનવીય વર્તન જાહેર સબંધો વગેરે | ૦૬ |
| પ્રવાસ | - |
| કેસ પેપર ચર્ચા પ્રવાસ રીપોર્ટીંગ<br>ચર્ચા | ૦૩ |
| કુલ | ૩૦ કલાક |

(૪) તાલિમ અંગેની જો કોઇ ફી હોય તો તે. નગરપાલિકાએ ભોગવવાની રહેશે તથા તાલિમ દરમિયાન રહેવા અને જમવાનો ખર્ચ તાલીમાર્થીએ ભોગવવાનો રહશે તાલામીર્થીને રહેવા જમવા તથા ચા -નાસ્તાની વ્યવસ્થા શકય હોય ત્યાં સુધી તાલીમ સંસ્થાએ કરવાની રહેશે.

(૫) તાલિમ માટે કર્મચારીગણને વહીવટી સંવર્ગ, હિસાબી સંવર્ગ, એન્જિનિયરીંગ સંવર્ગ, આરોગ્ય સંવર્ગ અને અગ્નિશમક સંવર્ગના જૂથમાં વહેંચવાનો રહેશે.

(૬) અગ્નિશમન જૂથ માટે ખાસ તાલીમ સંસ્થાઓમાં તાલીમ આપવાની રહેશે. દળની સુસજજતા જળવાઇ રહે તે માટે મોટી સ્થાનિક સંસ્થાઓ જેવી કે અમદાવાદ મહાનગરપાલિકા, નાગરિક સંરક્ષણ નિયામક સાથે પરામર્શમાં રહી તાલીમ આપવાની રહે. તેમજ રાષ્ટ્રિય કક્ષાની તાલીમ સંસ્થાઓમાં આ અંગેની તાલીમ લેવા પણ મોકલી શકાય. ઉપરાંત જે નગરપલિકાઓમાં અગ્નિશમન સેવા ઉપલબ્ધ છે ત્યાં અઠવાડિયામાં ઓછામાં ઓછા ત્રણથી ચાર દિવસ માટેસૌથીસીનીયર કર્મચારી અન્ય કર્મચારીને પરેડ કરાવે તથા અગ્નિશમન અને તેને આનુષાંગિક બાબતો અંગે વ્યાખ્યાન ગોઠવી માહિતી આપે તેવી વ્યવસ્થા નગરપાલકાઓએ કરવાની રહેશે.

(૭) અગ્નિશમન સિવાયના જૂથ માટે અભ્યાસ ક્રમ નકકી કરતી વખતે જેતે જૂથના ખાસ વિષયો માટે ૬૦ ટકા જેટલો તાલીમનો સમય ફાળવાનો અને ૩૦ ટકા જેટલો તાલીમનો સમય અન્ય અગત્યના વિષયો જેવા કે કાયદાકીય બંધારણીય જોગવાઇ નિયમો, સેવા, નાણાકીય બાબત, અંદાજપત્ર, નાગરિક સેવાઓ માટે ફાળવવો દસ ટકા તાલીમનો સમય કોમ્પ્યુટર, ટાઇમ મેનેજમેન્ટ જેવા અદ્યતન પ્રવાહોની જાણકારી માટે ફાળવાનો રહેશે.

(૧૭) તાલીમના અંતે સમગ્ર તાલીમનુ મૂલ્યાંકન થાય તે માટે દરેક તાલીમાર્થી પાસેથી તાલીમના સઘળા પાસાને આવરી લે તે રીતે મૂલ્યાંકન અહેવાલ તાલીમ આપનાર સંસ્થાએ મેળવવાનો અને તેનું પૃથ્થકરણ કરવાનું રહેશે.

(૧૮) નીચેની સંસ્થાઓ ધ્વારા તાલીમ મેળવી શકાશે.

(૧) ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટ, અમદાવાદ , /વડોદરા/અમદાવાદ / રાજકોટ

(૨) ખાસ સંસ્થાઓ (અ) ઈન્સ્ટીટયૂટ ઓફ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ (બ) સફાઈ વિદ્યાલય (ક) જલસેવા તાલીમ કેન્દ્ર (ડ) સીટી મેનેજર્સ એસોસીએશન ( ગુજરાત)

(૩) સેપ્ટ, અમદાવાદ

(૧૯) દરેક તાલીમ વર્ગમાં ૩૦ તાલીમાર્થીઓ રાખવાના રહેશે અલબત્ત તાલીમ નિયામક તાલીમ સંસ્થાની ક્ષમતા ધ્યાનમાં રાખી વધુ સંખ્યા રાખી શકાશે ,ઓછામાં ઓછા ૧૫ તાલીમાર્થી હોય ત્યાં સુધી તાલીમ કાર્યક્રમ ચાલુ રાખવાનો રહેશે. ૧૫ થી ઓછી સંખ્યા થાય તો કાર્યક્રમ મોકુફ કે રદ કરવાનું યોગ્ય રહેશે.

(૨૦) તાલીમના કાર્યક્રમ માટે લાંબા ગાળે તાલીમ નિયામકની જગ્યા ઉભી કરી, અલગ તંત્ર અને સંસ્થા ઉભું કરવું યોગ્ય રહેશે. તાલીમ નિયામકે નાણા બોર્ડના હેઠળ કામગીરી કરવાની રહેશે. પરંતુ તેમને તાલીમ કાર્યક્રમ માટે પૂરતી સ્વતંત્રતા રહેશે.તથા તાલીમ કાર્યક્રમ ગોઠવણી, તાલીમ સાહિત્ય, ફેકલ્ટી મેમ્બર્સની પસંદગી તથા અન્ય નીતિ વિષયક બાબતો અંગે તાલીમ નિયામકશ્રીએ સ્ટીયરીંગ કમિટિ જેમાં નીચેના સભ્યોનો સમાવેશ કરવાનો રહે. તેના નિર્ણય પ્રમાણે કામ કરવાનું રહે. સમિતિની બેઠકો સમયાંતરે મળે તે જરૂરી છે. જેમાં મૂલ્યાંકન અહેવાલ પર ચર્ચા થાય અને સુધારા વધારા અંગે નિર્ણયો લેવાય તે જરૂરી છે.

(૧) સરકારશ્રીના સચિવશ્રી અથવા તો તેઓ નિયુક્ત કરે તેવા સંસ્થા વડા / અધ્યક્ષ/ સચિવ

(૨) નિયામકશ્રી, નગરપાલિકાઓ

(૩) મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ

(૪)તાલીમ સાથે સંકળાયેલ તજજ્ઞોને સરકાર નિયુકત કરશે.

(૫) તાલીમ નિયામક - સભ્ય સચિવ તરીકે રહેશે.

(૨૧) તાલીમ કાર્યક્રમ માટે ખર્ચ અંગે ઘણા મુદ્દાઓ ધ્યાનમાં લેવાના રહે. સાહિત્યની ઉપલબ્ધી, ફેકલ્ટી મેમ્બર્સ, સગવડતાઓ જેવી બાબતો ધ્યાનમાં લેતાં સરકારશ્રીના ધારા ધોરણની મર્યાદામાં

(૮) નીમ્ન કક્ષાના કર્મચારીઓ, મધ્યમ તથા ઉચ્ચ કક્ષાના કર્મચારી / અધિકારી ગણ માટે અલગ અલગ તાલીમ કાર્યક્રમ યોજવાના રહે અને તેઓને આપવાની તાલીમની કક્ષા, વિષયો પરનુ ભારણ, કક્ષા ધ્યાનમાં રાખી નકકી કરવાનુ રહેશે.

(૯) રીફ્રેશર તાલિમ માટે પાંચ ચોખ્ખા કામકાજના દિવસોમાં દરરોજ ૬ કલાકની તાલિમ આપવાની રહેશે.

(૧૦) તાલીમ કાર્યક્રમ દરમિયાન ખાસ કરીને રીફ્રેશર તાલીમમાં કેસ ચર્ચા/ ગ્રૂપ ચર્ચા/ સ્ટડી કેસ, રીપોર્ટીંગ પર ભાર મૂકવામાં આવે અને અનુભવોના આદાન પ્રદાન માટે પ્રવાસ કાર્યક્રમ રાખવાનો રહેશે.તાલીમ પ્રવાસ દવારા અભ્યાસ કરી, દરેક તાલીમાર્થીના મંતવ્યો મેળવી ચર્ચા કરવાની રહેશે.

(૧૧) તાલીમાર્થીને તાલીમ માટે અપાતું સાહિત્ય તાલીમાર્થીની કક્ષા ધ્યાનમાં રાખી આપવું તાલીમાર્થીનો અભ્યાસ પ્રવાસ ખર્ચ નગરપાલિકાએ ભોગવવાનો રહેશે.

(૧૨) તાલીમ દરમ્યાનની રજુઆત દ્રશ્ય /શ્રાવ્ય પ્રોજેકટર તથા કોમ્પ્યુટર થાય તે જોવાનું રહેશે.

(૧૩) તાલીમ માટે આવતા નિષ્ણાતોની તથા તાલીમ સાહિત્યની ઉચ્ચીગુણવત્તા જળવાય તે માટે ઝીણવટ પૂર્વક પસંદગી કરવાની રહેશે.

(૧૪) પ્રારંભિક સઘન તાલીમ પૂરી થયા પછી પરીક્ષા રાખવાની રહેશે જેમા દરેક પેપર ૧૦૦ ગુણનું રાખવાનુ રહેશે. જેમાંથી પાસ થવા માટે ૫૦ ગુણ મેળવવાના રહેશે. જેમાં બે પેપરો વિષય જૂથ માટેના અને એક પેપર અન્ય વિષયો માટે રાખવાનું રહેશે તેમજ તાલીમ દરમિયાન તાલીમાર્થીની હાજરી વર્તન વગેરેનું મૂલ્યાંકન કરી ૧૦૦ ગુણમાંથી ૬૦ ગુણ મેળવવાના રહેશે.

(૧૫) નગરપાલિકાના સમય સંજોગો ધ્યાનમં રાખી આખા વર્ષ માટે આગોતરો તાલીમ કાર્યક્રમ નકકી કરવાનો રહેશે. આ માટે અગાઉથી નગરપાલિકાઓને જણાવવાનું રહેશે અને તાલીમાર્થીઓના નામો મેળવવાના રહેશે. ન.પા.ઓએ તેમના કર્મચારી/ અધિકારી/પદાધિકારીઓને તાલીમમાં મોકલવા તે ન.પા.ના હિતમાં છે.

(૧૬) અગ્રતાક્રમ ધ્યાનમાં રાખી દરેક નગરપાલિકાએ તાલીમાર્થીની પસંદગી કરવાની રહેશેદરેક વર્ગની નગરપાલિકાના કર્મચારીઓનો સમાવેશ કરવાનો રહેશે. બેથી વધુ કર્મચારી એક જ નગરપાલિકામાંથી પસંદ ન કરવા જોઇએ.

તાલીમ કાર્યક્રમ ખર્ચ જાળવવાનુ શકય બનતું નથી. સારી ગુણવત્તા જાળવવા તાલીમ કાર્યક્રમના આયોજનના ખર્ચ અંગે સ્ટીયરીંગ કમિટિ યોગ્ય નિર્ણય લે અને મંજુર કરે તે જરૂરી છે. આ સમિતિ જૂથવાર તાલીમ કાર્યક્રમ ઉપરાંત ખાસ યોજના સંવર્ગો માટે પણ ટૂંકા તાલીમ કાર્યક્મો યોજવાનું નકકી કરે તે જરૂરી છે.

(૨૨) તાલીમમાં માન્ય સંસ્થાએ તેની લાયબ્રેરી તાલીમાર્થી માંટે ઉપલબ્ધ કરવાની રહેશે.

(૨૩) તાલીમ નગરપાલિકાના કર્મચારી /પદાધિકારીઓને આપવાની થતી હોઈ તેનું ખર્ચ જે તે નગરપાીલકાએ જ ભોગવવાનું રહેશે.

(૨૪) તાલીમ સંસ્થાઓને અગાઉથી નાણાં આપવાના રહેશે અને તેઓએ ખર્ચની વિગતો રજૂ કરવાના તથા વપરાશી પ્રમાણ પત્ર આપવાના રહેશે.

(૨૫) તાલીમાર્થીઓની સંખ્યા ઓછી થતાં તાલીમ કાર્યક્રમ રદ થતાં તાલીમ સંસ્થાને થયેલ ખર્ચ કરકસરતા પૂર્વક મંજુર કરવાનો રહેશે.કારણકે સાહિત્ય જેવી બાબતોનો પૂનઃ ઉપયોગ કરી શકાશે.

(૨૬) નગરપાલિકાના હાલના મહેકમને ધ્યાનમાં લેતાં દરેક કર્મચારીને ઓછામાં ઓછા પાંચ વર્ષમાં તાલીમ આપી શકાશે જેમાં સૌથી જૂનિયરને પ્રથમ તાલીમ અપાય તે જોવું કારણકે સિનિયર કર્મચારીઓને અનુભવથી ઘણી જાણકારી મળી હોય છે.

(૨૭ ) તાલીમ માટે પ્રાદેશિક કેન્દ્ર તરીકે અમદાવાદ, વડોદરા, અને રાજકોટ સગવડ અને ઉપલબ્ધતાને ધ્યાનમાં લઈ રખાય તે ઈચ્છનિય છે. જેથી તે વિસ્તારની ન.પા.ઓને તાલીમની પ્રતિનિયુક્તિ કરવામાં સરળતા રહે.

(૨૮) પદાધિકારીઓ માટેના તાલીમ કાર્યક્રમોનું આયોજન નગરપાલિકાઓની ચૂંટણીઓ / પદાધિકારીઓની ચૂંટણીઓના સંદર્ભમાં ગોઠવવામાં આવે તે જરૂરી છે. આ કાર્યક્રમ વધુ આકર્ષક બનાવી, સારી સગવડતાઓ તથા સાહિત્ય ઉપલબ્ધ કરવાથી તેઓનો રસ જળવાઈ રહેશે તાલીમ કાર્યક્રમ બે દિવસનો રાખવાનું જરૂરી છે. તાલીમમાં તાલીમાર્થીઓની સંખ્યા૪૦ થી ૫૦ ની રાખી શકાય આ કાર્યક્રમ પ્રાદેશિક કક્ષાએ યોજવાથી વધુ પદાધિકારીઓ લાભ લેશે આ માટે તૈયાર કરવામાં આવેલ જૂથ અહેવાલમાં દર્શાવેલ વિષયોને આવરી લઈ શકાય.

આમ ઉપર્યુકત દર્શાવેલ હુકમો / નિર્ણયોનો રાજયની તમામ નગરપાલિકાઓએ, ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ તથા નગરપાલિકા નિયામકશ્રીએ સત્વરે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( સી.એમ.ગોહિલ )
ઉપ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

પ્રતિ,

૧ ગુજરાતના રાજયપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર
૨. માન. મુખ્ય મંત્રીશ્રી,ના સચિવશ્રી, ગાંધીનગર
૩ માન. .મંત્રીશ્રી ( શ.વિ )ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. આ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ,
૫. મુખ્ય અધિકારીશ્રીઓ, રાજયની તમામ નગરપાલિકાઓ
૬ મુખ્ય કારોબારી અધિકારીરી, ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ, અમદાવાદ
૭. નગરપાલિકા નિયામકશ્રી જૂના વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
૮. સંયુકત નિયામકશ્રી, સરદાર પટેલ રાજય વહીવટ ભવન અમદાવાદ
૯ મદદનીશ નિયામકરી, ઓલ ઈન્ડીયા ઈન્સ્યુટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટ વડોદરા.
૧૦ નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૧૦.
૧૧. નિયામકશ્રી, સેન્ટર ફોર એન્વાયર મેન્ટલ પ્લાનીંગ એન્ડ ટેકનોલોજી, યુનિ. રોડ, નવરંગપુરા, અમદાવાદ -૯.
૧૨. મેનેજીંગ ટ્રસ્ટ્રી ઈન્સ્યુયુટ ઓફ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, અમદાવાદ
૧૩. નિયામકરી, જલસેવા તાલીમ કેન્દ્ર ગાંધીનગર -૧૫.
૧૪. સીટી મેનેજમેન્ટર્સ એસોસીએશન, અમદાવાદ
૧૫. નિયામકશ્રી, સ્ટાફ ટ્રેઈનીંગ કોલેજ સેકટર-૧૭ ગાંધીનગર
૧૬. મદદનીશ પર્સનલ ફાઈલ
૧૭. શાખા પર્સનલ ફાઈલ.
૧૮. પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ